# THE BOMBAY HOME GUARDS RULES, 1953

મુંબઇ હોમગાર્ડ નિયમો, ૧૯૫૩,

## અનુક્રમણિકા


| | નિયમો | .... | .... | પાનું |
|---|---|---|---|---|
| ૧. | ટુંકી સંજ્ઞા | .... | .... | ૧ |
| ૨. | વ્યાખ્યાઓ | .... | .... | ૧ |
| ૩. | હોમગાર્ડનાં સભ્યની નિમુણંક | .... | .... | ૧ |
| ૪. | નિમણુંક માટેની અરજી | .... | .... | ૨ |
| ૫. | હોમગાર્ડ સહાલકાર સમિતિ | .... | .... | ૨ |
| ૬. | પ્રતિજ્ઞાપત્ર | .... | .... | ૨ |
| ૭. | પ્રમાણપત્ર | .... | .... | ૨ |
| ૮. | હોદ્દાની મુદત | .... | .... | ૩ |
| ૯. | હોમગાર્ડનાં સભ્ય માટેની વયમર્યાદા | .... | .... | ૩ |
| ૯ક. | હોમગાર્ડમાંથી છુટા કરવાની સત્તા વાપરવાની શરતો | .... | .... | ૩ |
| ૧૦. | રાજીનામું | .... | .... | ૩ |
| ૧૧. | તંત્ર | .... | .... | ૩ |
| ૧૨. | કમાન્ડન્ટ જનરલ અને કમાન્ડન્ટની સત્તા | .... | .... | ૩ |
| ૧૩. | શિસ્ત | .... | .... | ૪ |
| ૧૪. | યુનિફોર્મ, લશ્કરી પોષક, વગેરે | .... | .... | ૪ |
| ૧૫. | તાલીમ | .... | .... | ૪ |
| ૧૬. | કાર્યો અને ફરજો | .... | .... | ૪ |
| ૧૭. | મહેનતાણું | .... | .... | ૫ |
| ૧૮. | વળતર | .... | .... | ૫ |
| ૧૯. | મોટરવાળી ટુકડી | .... | .... | ૫ |
| ૨૦. | રદ કરવા બાબત. | .... | .... | ૬ |
| નમૂનો-ક | | .... | .... | ૭ |
| નમૂનો-ખ | | .... | .... | ૧૦ |
| નમૂનો-ગ | | .... | .... | ૧૧ |

# THE BOMBAY HOME GUARDS RULES, 1953

મુંબઇ હોમગાર્ડ નિયમો, ૧૯૫૩,

મુકામ જંજિરે  મુંબઇ, ૧૪ મી મે. ૧૯૫૩

## મુંબઇ હોમગાર્ડ અધિનિયમ ૧૯૪૭,

ક્રમાંક૭૪૦ ૧/૫-૨. મુંબઇ હોમગાર્ડ અધિનિયમ,૧૯૪૭(સન ૧૯૪૭નાં મુંબઇનાં ૩જા)ની કલમ- ૮થી મળેલી સત્તાની રૂએ, મુંબઇ સરકાર, નીચેનાં નિયમો કરે છેઃ-

૧. ટુંકી સંજ્ઞા- આ નિયમો "મુંબઇ હોમગાર્ડ નિયમો ૧૯૫૩" કહેવાશે.

* ૧-ક. આ નિયમો સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.

૨. વ્યાખ્યાઓ- આ નિયમોમાં વિષય અથવા સંદર્ભથી  અન્યથા અપેક્ષિત ન હોય તો.---

(૧) " અધિનિયમ" એટલે, મુંબઇ હોમગાર્ડ અધિનિયમ, ૧૯૪૭

(૨) " કમાન્ડન્ટ" એટલે કલમ-૨ હેઠળ નિમવામાં આવેલ હોમગાર્ડનાં કમાન્ડન્ટ

(૩) "કમાન્ડન્ટ જનરલ" એટલે કલમ- ૨ હેઠળ નીમવામાં આવેલ કમાન્ડન્ટ જનરલ

(૪) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલો નમૂનોઃ

(૫) "હોમગાર્ડ" એટલે, કલમ-૨ હેઠળ રચવામાં આવેલ હોમગાર્ડ

(૬) "હોમગાર્ડનો સભ્ય" એટલે, કલમ-૩ હેઠળ નીમવામાં આવેલ સભ્ય

(૭) "કલમ" એટલે, અધિનિયમની કલમ.

૩. હોમગાર્ડનાં સભ્યની નિમણુંક(૧) કોઇ વ્યકિતને હોમગાર્ડનાં સભ્ય તરીકે નીમી શકાશે નહી સિવાય કે, --

(ક) તેની ઉંમર * ૧૮ વર્ષની હોય અને ૫૦ વર્ષની થઇ ન હોય:

---

* ગૃહ વિભાગનાં તારીખ૯મી જાન્યુઆરી,૧૯૫૯નાં સરકારી જાહેરનામાં ક્રમાંકઃએચ.જી.એસ./૪૯૫૬/૮૧૪૨૯-૬ થી દાખલ કર્યો છે.

* ગૃહ વિભાગનાં તારીખ ૨૭મી  મે, ૧૯૬૬નાં  સરકારી જાહેરનામાક્રમાંકઃએચ.જી.એસ./૧૦૬૫થી  "૨૦" એ આંકડાને બદલે આ આંકડો મુકયો છે.

(ખ) કોઇપણ ભાષામાં તેણે ઓછામાં ઓછી ચોથા ધોરણની પરીક્ષા પાસ કરી હોયઃ

(ગ) કમાન્ડન્ટ જનરલનાં આદેશો અનુસાર, તેની તબીબી તપાસ કરવામાં આવી હોય અને કમાન્ડન્ટનાં અભિપ્રાય મુજબ તે શારીરિક દ્રષ્ટીએ યોગ્ય હોય.

પરંતુ યોગ્ય કેસોમાં ઉપરનાં ખંડો(ક) અને (ખ)માં ઠરાવવામાં આવેલી ઉંમર અને શૈક્ષણિક લાયકાતોને લગતી શરતોમાં કમાન્ડન્ટ જનરલ છૂટછાટ મુકી શકાશેઃ

વધુમાં રાજય સરકાર આદેશ કરીને કોઇ વિસ્તારનાં સંબધમાં હોમગાર્ડનાં સભ્ય તરીકેની નિમણૂક માટેની શૈક્ષણિક લાયકાત પોતાને યોગ્ય લાગે તેવી રાખી શકશે.

૪. નિમણુંક માટેની અરજી – હોમગર્ડનાં સભ્ય તરીકે નીમાવા ઇચ્છતી વ્યકિતએ નમૂના " ક " માં અરજી કરવી જોઇશે.

* ૫. હોમગાર્ડ સલાહકાર સમિતિ—(૧) રાજય સરકાર, સમગ્ર રાજય માટે એક કેન્દ્રીય સલાહકાર સમિતિ અને જે વિસ્તારો માટે કલમ-૨ હેઠળ હોમગાર્ડો રચવામાં આવ્યા હોય તે વિસ્તારો પૈકી દરેક વિસ્તાર માટે જીલ્લા સલાહકાર સમિતિ નીમી શકશે.

(૨) કેન્દ્રીય સલાહકાર સમિતિ અને જીલ્લા સલાહકાર સમિતિ, રાજય સરકાર નિયુકત કરે તેટલી સંખ્યામાં સભ્યોની બનશે.

(૩) હોમગાર્ડ દળનાં કાર્યની વખતોવખત પુનવિચારણા કરવાની અને તે કાર્યસાધક રીતે કાર્ય કરે તે માટેનાં ઉપાયો કમાન્ડન્ટ જનરલને સૂચવવાની કેન્દ્રીય સલાહકાર સમિતિની અને જીલ્લા સલાહકાર સમિતિઓની ફરજ રહેશે. આ સમિતિઓનું કાર્યક્ષેત્ર માત્ર સલાહ આપવાનું રહેશે અને કમાન્ડન્ટ જનરલે સમિતિઓને માત્ર સામાન્ય પ્રકારની બાબતો પૂછાવવી જોઇશે.

૬. પ્રતિજ્ઞાપત્રઃ- હોમગાર્ડનાં સભ્ય તરીકે પોતાની નિમણૂંક થતાં પહેલાં દરેક વ્યકિતએ કમાન્ડન્ટ અથવા તેણે આ હેતુ માટે અધિકૃત કરેલા અધિકરીની સમક્ષ નમૂના – " ખ " પ્રમાણેનાં પ્રતિજ્ઞાપત્ર ઉપર સહી કરવી જોઇશે.

૭. પ્રમાણપત્ર-હોમગાર્ડનાં સભ્ય તરીકે નિમાયેલી દરે વ્યકિતને નમૂના " ક " પ્રમાણેનું નિમણૂંક પ્રમાણપત્ર મળશે.

---

* ગૃહ વિભાગનાં તારીખ૯મી જાન્યુઆરી,૧૯૫૯નાં સરકારી જાહેરનામાં ક્રમાંકઃએચ.જી.એસ./૪૯૫૬/૮૧૪૨૯-૬ થી અસલને બદલે આ નિયમ મુકયો છે.

૮ હોદાની મુદતઃ- હોમગાર્ડનાં સભ્યનાં હોદ્દાની મુદત * (૩ વર્ષની રહેશે.)

પરંતુ આવો કોઇ સભ્ય હોમગાર્ડનાં સભ્ય તરીકે ચાલુ રહેવાને તબીબી રીતે અયોગ્ય જણાય તો, તેની નિમણૂંક હોદ્દાની મુદત પુરી થયા પહેલા સમાપ્ત કરી શકાશે.

વધુમાં નીમવામાં આવેલ વ્યકિત ફરી નીમવાને લાયક ગણાશે.

વળી યથા પ્રસંગ, કમાન્ડન્ટ અથવા કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડનાં સભ્યની સેવા,એક મહિનાની નોટીસ આપ્યા પછી કોઇ પણ સમયે સમાપ્ત કરી શકશે.

૯. હોમગાર્ડનાં સભ્ય માટેની વયમર્યાદાઃ- હોમગાર્ડનો સભ્ય ૫૫ વર્ષનો ન થાય ત્યાં સુધી, તે એવા સભ્ય તરીકે ચાલુ રહેશે.

પરંતુ કમાન્ડન્ટ જનરલ, યોગ્ય કેસોમાં, વયમર્યાદામાં છુટાછાટ મુકી શકશે.

૯-ક હોમગાર્ડદળમાંથી છુટા કરવાની સત્તા વાપરવાની શરતોઃ- યથાપ્રસંગ, કમાન્ડન્ટ અથવા કમાન્ડન્ટ જનરલને એમ ખાતરી થાય કે, હોમગાર્ડનો કોઇ સભ્યે હોમગાર્ડ દળની સુવ્યવસ્થા, કલ્યાણ અથવા શિસ્તને પ્રતિકુળ કોઇ કાર્ય કર્યુ છે તે સિવાય, તે સભ્યને કલમ-૬-ખની પેટા કલમ(૧) હેઠળ છુટો કરી શકાશે નહી.

૧૦. રાજીનામુઃ- હોમગાર્ડનો સભ્ય, કમાન્ડન્ટને ઉદેશીને લેખિત અરજી કરીને પોતાના હોદાનું રાજીનામુ આપી શકશે.

પરંતુ એવુ રાજીનામુ અમલમાં આવશે નહી સિવાય કે, રાજીનામા માટે યોગ્ય અને પૂરતાં કારણો છે તેવી ખાતરી કર્યા પછી કમાન્ડન્ટ જનરલ અથવા કમાન્ડન્ટે તે સ્વીકાર્યુ હોય.

૧૧ તંત્રઃ- કમાન્ડન્ટ જનરલની ઉપરાંત, દરેક વિસતાર માટે રચવામાં આવેલ હોમગાર્ડમાં કમાન્ડન્ટ, સેકન્ડ-ઇન-કમાન્ડ,એજયુટન્ટ,સિનિયર ડિવીઝનલ કમાન્ડર, કમાન્ડન્ટને જરૂરી લાગે તેવા સ્ટાફનાં અધિકારીઓ, ડિવિઝનલ કમાન્ડર્સ, કંપની કમાન્ડર, સિનિયર પ્લાટુન કમાન્ડર્સ, પ્લાટુન કમાન્ડર્સ, સાર્જન્ટ મેજર્સ, કવાર્ટર માસ્ટર સાર્જન્ટ, પ્લાટુન સાર્જન્ટસ, સેકશન લીડરર્સ, આસીસ્ટન્ટ સેકશન લીડરર્સ, અને બાર હોમગાર્ડોનાં બનેલા સેકશનો રહેશે. ત્રણ સેકશનોનું પ્લાટુન, ત્રણ પ્લાટુનોની કંપની અને ત્રણ કંપનીઓનું ડિવિઝન બનશે.

૧૨ કમાન્ડન્ટ જનરલ અને કમાન્ડન્ટની સતાઃ-(૧) કમાન્ડન્ટ જનરલે રાજયમાંના તમામ કમાન્ડન્ટોનાં કાર્ય ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવું જોઇશે. અને સમગ્ર રાજયમાં હોમગાર્ડનાં કાર્યનું સંકલન કરવુ જોઇશે. દળનાં કાર્યમાં કાર્યદક્ષતા, શિસ્ત, વહીવટ અને તાલીમ માટે તે રાજય સરકારને પ્રત્યક્ષ રીતે જવાબદાર રહેશે.

---

* ગૃહ વિભાગનાં તારીખ ૯મી જાન્યુઆરી,૧૯૫૯નાં સરકારી જાહેરનામાં ક્રમાંકઃએચ.જી.એસ./૪૯૫૬/૮૧૪૨૯-૬ થી ૫્ વર્ષની એ આંકડો અને શબ્દને બદલેઆ આંકડો અને શબ્દ મુકાયો છે.

(૨) કમાન્ડન્ટ જનરલની દેખરેખ અને નિયત્રંણને આધીન રહીને, દરેક કમાન્ડન્ટે પોતાના કમાન્ડ હેઠળનાં હોમગાર્ડનાં કાર્ય ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવુ જોઇશે. તે પોતાના કમાન્ડ હેઠળ હોમગાર્ડનાં કાર્યમાં કાર્યદક્ષતા, શિસ્ત, વહીવટ અને તાલીમ માટે કમાન્ડન્ટ જનરલ અને રાજય સરકારને જવાબદાર રહેશે.

(૩) કમાન્ડન્ટ જરલ અને કમાન્ડન્ટની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને, આ અર્થે કમાન્ડન્ટે અધિકૃત કરેલા હોમગાર્ડના કોઇ અધિકારી, કલમ ૪ થી કમાન્ડન્ટને મળેલી સત્તા કમાન્ડન્ટ નિદિષ્ટ કરે તેવા સંજોગોમાં વાપરી શકશે.

૧૩. શિસ્તઃ-(૧) હોમગાર્ડનાં સભ્યે પોતાના વરિષ્ઠ અધિકારનાં દરેક હુકમનું પાલન કરવું જોઇશે.

(૨) વહીવટ અને શિસ્તના હેતુઓ માટે હોમગાર્ડનાં સભ્યો પોતાનાં અધિકારીઓનાં નિયંત્રણ હેઠળ રહેશે.

પરંતુ હોમગાર્ડનું કોઇ દળ સામાન્ય પોલીસ ફોજની સાથે રહીને કામ કરતું હોય ત્યારે, હાજર હોય તેવા આવા દળનાં વરિષ્ઠ અધિકારી, એવી પોલીસ ફોજનાં હાજર હોય તેવા અને *(અમદાવાદ) માં ઇન્સ્પેકટરનાં દરજ્જાનાથી ઉતરતા ન હોય તેવા અને બીજે સબ ઇન્સ્પેકટરથી ઉતરતા ન હોય તેવા વરિષ્ઠ અધિકારીનાં સીધા નિયંત્રણ હેઠળ અને તેનાં આદેશોને આધીન રહેશે.

૧૪. યુનિફોર્મ, લશ્કરી પોશાક, વગેરેઃ-ફરજ ઉપર હોય ત્યારે હોમગાર્ડનાં સભ્યે તેને આપવામાં આવેલ યુનિફોર્મ પહેરવો જોઇશે. રાજય સરકાર વખતોવખત મંજુર કરે તેવી રાયફલ અથવા રિવોલ્વર અથવા કોઇ હથિયાર પણ રાખવુ જોઇશે.

૧૫. તાલીમઃ- હોમગાર્ડનાં સભ્યે કમાન્ડન્ટ જનરલ વખતોવખત લેખિત રીતે નકકી કરે તેવો તાલીમનો અભ્યાસક્રમ અને કમાન્ડન્ટ વખતોવખત નકકી કરે તેવા સ્થળોએ લેવો જોઇશે.

૧૬. કાર્યો અને ફરજોઃ(૧) હોમગાર્ડનાં સભ્યોનાં કાર્યો અને ફરજો સામાન્ય રીતે નીચે પ્રમાણે રહેશે.

(ક) સરકારી મકાનોની ચોકી કરવી.

---

* ગૃહ વિભાગનાં તારીખ ૯મી જાન્યુઆરી,૧૯૫૯નાં સરકારી જાહેરનામાં ક્રમાંકઃએચ.જી.એસ./૨૧૬૧/૯૪૨૪-એલથી ‘ બૃહદ મુંબઇ ’ શબ્દોને
બદલેઆ શબ્દ મૂકયો છે.

(ખ) ગુનો થતો અટકાવવા , ચોકી કરવી અને મુંબઇ પોલીસ અધિનિયમ-૧૯૫૧(સન ૧૯૫૧નાં મુંબઇનાં ૨૨મા) હેઠળ તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઇ કાયદા હેઠળ કરેલા અને સદરહું અધિનિયમ અથવા કાયદા હેઠળ અમલમાં મૂકવાની પોલીસ અધિકારીની ફરજ હોય તેવા વિનયમો અને હુકમોનો અમલ કરવો.

(ગ) મુંબઇ નશાબંધી અધિનિયમ-૧૯૪૯ હેઠળ હોમગાર્ડનાં સભ્યોની નશાબંધી અધિકારીઓ તરીકે નિમણૂંક કરવામાં આવી હોય, ત્યારે સદરહું અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં સામાન્ય પોલીસ દળને મદદ કરવી.

(ઘ) રાજય સરકાર અથવા કમાન્ડન્ટ જનરલ વખતોવખત સોંપે તેવી અન્ય ફરજો બજાવવી.

(૨) કોઇપણ વિસ્તાર માટે રચાયેલા હોમગાર્ડનો સભ્ય, અધિનિયમ અમલમાં હોય તેવા અન્ય કોઇ વિસ્તારમાં નોકરી કરવાને લાયક બંધાયેલો રહેશે.

૧૭ મહેનતાણું- હોમગાર્ડનાં અધિકારીઓ અને બીજા સભ્યો રાજય સરકાર વખતોવખત નકકી કરે તેટલું અને તેટલા દરે ભથ્થા મેળવવાને હકદાર રહેશે.

૧૮. વળતરઃ- હોમગાર્ડનો સભ્ય તાલીમ હેઠળ અથવા ફરજ પર હોય, ત્યારે પોતાનાં શરીરને અથવા મિલકતને કંઇપણ નુકશાન થાય, તો રાજય સરકાર નકકી કરે તેટલુ વળતર તેને આપવામાં આવશે, પરંતુ તેવુ નુકશાન તેની પોતાની બેદરકારીથી અથવા જાણીબુઝીને કરેલા કાર્યથી અથવા આ અધિનિયમ અથવા તે હેઠળ નકકી કરેલા નિયમોની કોઇ જોગવાઇઓનો અથવા પોતાના વરિષ્ઠ અધિકારીએ કાઢેલા હુકમો અથવા આદેશોનું ઉલ્લંઘન કરીને કસુર કરવાથી થયું હોવુ જોઇએ નહિ.

૧૯. મોટરવાળી ટુકટીઃ- જેઓ મોટર વાહનો ધરાવતાં હોય અને અધિનિયમની કલમ-૪ હેઠળ જણાવવામાં આવે ત્યારે જેઓ પોતાનાં વાહનોની સેવા યથાપ્રસંગ, કમાન્ડન્ટ જનરલ અથવા કમાન્ડન્ટનાં કાબુ હેઠળ મૂકવાની ઇચ્છા રાખતા હોય, તેવા સભ્યોની હોમગાર્ડની મોટરવાળી ટુકડી બનાવી શકશે. જેઓ હાંકવાનું લાઇસન્સ ધરાવતા હોય અને જેમનાં મોટર વાહનો જરૂરી વિગતોને અનુરૂપ હોય તેવા સભ્યો-માલિકોને આ ટુકડીમાં દાખલ કરવામાં આવશે. રાજય સરકાર આવા મોટર વાહન વાપરવા બદલ થયેલ પેટ્રોલનો ખર્ચ ભોગવશે.

વળી જે કેસોમાં સભ્યો-માલિકોએ એવા વાહનોનાં સંબધંમાં હુલ્લડનાં વીમાની પોલીસીઓ કઢાવી હોય તે કેસોમાં, આવાં વાહનોની બાબતમાં હુલ્લડ અને સામાન્ય વીમાની(પોલીસી) વચ્ચેનો તફાવત પણ રાજય સરકાર ભોગવશે.

* ૨૦. રદ કરવા બાબત-(૧) મુંબઇ હોમગાર્ડ નિયમો, ૧૯૪૯, આથી રદળ કરવામાં આવે છે. પરંતુ સદરહું નિયમોની કોઇ જોગવાઇ હેઠળ કરેલુ કોઇ કાર્ય આ નિયમોની તત્સમાન જોગવાઇઓહેઠળ કરવામાં આવ્યુ છે એમ ગણાશે.

* (૨) મુંબઇ રાજયનાં વિદર્ભ પ્રદેશ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં આ નિયમોનો આરંભ થયેથી રાજયનાં વિદર્ભ વિસ્તારને લાગુ પડતો હોય તેટલે સુધી, મધ્યપ્રાંત અને વરાડ હોમગાર્ડ નિયમો-૧૯૪૭ અને સૌરાષ્ટ્ર હોમગાર્ડ નિયમો-૧૯૪૮ રદ થયેલા ગણાશે.

પરંતુ એ રીતે રદ કરાયેલ નિયમોની કોઇ જોગવાઇ હેઠળ કરેલુ , કોઇ કાર્ય અથવા લીધેલુ કોઇ પગલુ , જેટલે સુધી તે આ નિયમોની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેટલે સુધી, આ નિયમોની તત્સમાન જોગવાઇ હેઠળ કરેલુ અથવા લીધેલુ ગણાશે.

* ગૃહ વિભાગનાં તારીખ૯મી જાન્યુઆરી,૧૯૫૯નાં સરકારી જાહેરનામાં ક્રમાંકઃએચ.જી.એસ./૪૯૫૬/૮૧૪૨૯-૬ થી ૨૦ને નિયમ ૨૦ (૧) તરીકે ફરી નંબર આપ્યો છે.

* ગૃહ વિભાગના તારીખ ૯મી જાન્યુઆરી,૧૯૫૯નાં સરકારી જાહેરનામાક્રમાંકઃ એચ.જી.એસ.-૪૯૫૬/૮૧૪૨૯-૬ થી આ મજકુર દાખલ કર્યો છે.

નમુનો- ક

(જુઓ નિયમ-૪)

પ્રતિ,

હોમગાર્ડનાં કમાન્ડન્ટ,

હું જાહેર કરુ છું કે, હું ભારતનો નાગરિક છું અને હું *_______________ માટેનાં હોમગાર્ડનાં સભ્ય તરીકે દાખલ થવાની ઇચ્છા રાખું છું. અને દાખલ થયા પછી હું ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ગુજરાત રાજયની હદ કાયમી છોડી જવાનો ઇરાદો રાખતો નથી અને અને બીજા કોઇ દળમાં નોકરી કરવાને હું બંધાયેલો નથી

હું સમજુ છું કે,

(૧) કટોકટીની પરિસ્થિતમાં ગમે તે વખતે અને ગમે તેટલી મુદત માટે અને ગુજરાત રાજયમાં ગમે તે વિભાગમાં મને બોલાવવામાં આવશે.

(૨) મારા વરિષ્ઠ અધિકારીનાં હુકમો અનુસાર તાલીમ લેવાને અને પરેડમાં હાજર રહેવાને હું જવાબદાર ગણાઇશ.

(૩) મારે નીચે પ્રમાણેની પ્રતિજ્ઞા લેવી પડશેઃ-

હું _______________________________________________

રહેવાસી મોજે________________________ પ્રતિજ્ઞાપૂર્વક અને ગંભીરતાપૂર્વક જાહેર કરૂ છું. અને ખાતરી આપુ છું કે, હું * ના હોમગાર્ડનાં ________________________ સભ્ય તરીકે કોઇ પણ જાતની તરફેણ અથવા લાગણી, દ્રેષ અથવા દૃષ્ટ ભાવનાથી અથવા કોમી અથવા રાજકીય પક્ષપાત રાખ્યા સિવાય, ગુજરાત સરકારની સારી રીતે અને સચ્ચાઇપૂવર્ક સેવા બજાવીશ, અને મારી ઉત્તમ શકિત વડે શાંતિનું રક્ષણ કરવા માટે, મિલકતની સુરક્ષિતતા માટે અને જાહેર સલામતી માટે મને સોંપેલા કાર્યો અને ફરજોનું પાલન કરીશ અને મારી ઉત્તમ કુશળતા અને જ્ઞાન વડે કાયદા અનુસાર વફાદારીથી આવા સભ્ય તરીકેની તમામ ફરજો બજાવીશ. અને સરકારે અથવા મારા વરિષ્ઠ અધિકારીએ સોંપેલી મારી ફરજોમાં કોમી અથવા રાજકીય પક્ષપાતની દખલગીરી થવા દઇશ નહી.

(૪) મને મુંબઇ હોમગાર્ડ નિયમો-૧૯૫૩ અનુસાર રાજીનામું આપવા દેવામાં આવે તે સિવાય મારે હોમગાર્ડનાં પાંચ વર્ષની મુદત માટે નોકરી કરવી પડશે.

* અહિં સંબધિત વિસ્તારનું નામ દાખલ કરવુ.



(૫) હું સામાન્ય રીતે *........................................નાં કોઇપણ ભાગમાં નોકરી કરવાને જવાબદાર રહીશ.

| | | |
|---|---|---|
| ૧ | પુરેપુરૂ નામ | : |
| ૨ | સરનામું(રહેઠાણ) | : |
| | ધંધો | : |
| ૩ | ટેલીફોનનં. રહેઠાણ(ધંધો) જો કોઇ હોય તો તે | : |
| ૪ | જન્મ તારીખ | : |
| ૫ | જન્મ સ્થળ(નગર)(પ્રાંત અથવા જિલ્લો) | : |
| ૬ | વ્યવસાય અથવા ધંધો | : |
| ૭ | શિક્ષણ (લીધેલી ડીગ્રી અથવા પાસ કરેલ પરીક્ષા (ખાસ લાયકાતો, જેમ કે, વિદેશી ભાષાઓનું જ્ઞાન અથવા સ્ટેનોગ્રાફી અથવા ટાઇપીંગ જણાવવું જોઇએ. | : |
| ૮ | યુધ્ધ અંગેની સેવાની અથવા લશ્કરી અથવા નાવિક ની તાલીમની અથવા કોઇ પણ પ્રાથમિક મદદ અંગેની અથવા એમ્બ્યુલન્સ કારની તાલીમની વિગતો. | : |
| ૯ | પિતાનું નામ | : |
| ૧૦ | પિતાનો વ્યવસાય અથવા ધંધો | : |
| ૧૧ | મુળ પાકિસ્તાનનો રહેવાસી હોય તો તે સંસ્થાનમાં તેનું સરનામું અને ભારત સંઘમાં તેણે સ્થળાંતર કર્યાની તારીખ. | : |
| ૧૨ | આગલા પાંચ વર્ષ દરમિયાન એક કરતાં વધુ વર્ષ માટે જે સ્થળોએ અરજદાર રહયો હોય તેની વિગતો. આવા દરેક સ્થળે તેનો ઘર નંબર, ગલી, શેરી, રસ્તો, ગામ અથવા નગર અને જીલ્લો જણાવતુ તેના રહેઠાણનું સરનામુંઅને એવા સ્થળોએ જેટલો વખત તે રહયોહોય તે મુદત, તારીખો દર્શાવીને જણાવવી. | : |

---

* અહિં સંબધિત વિસ્તારનું નામ દાખલ કરવુ.

નીચેનાં પ્રશ્નોનાં જવાબો તેમની સામે આપવાઃ-

૧ તમે શસ્ત્રનું લાઇસન્સ ધરાવો છો ? જો તમે હોય તો હથિયારનું વર્ણન આપવુ.

૨ અગ્નિ શસ્ત્ર(ફાયર આર્મ)નો ઉપયોગ કરવામાં તમે કોઇ તાલીમ લીધી છે ?

૩ તમે કોઇ મોટર વાહનનાં માલિક છો ? જો તમે હોય તો તેનું વર્ણન આપવું અને તમે મોટરવાળી ટુકડીમાં જોડાશો કે નહી,જો તેમાં જોડાવાનાં ન હો તો તમે મોટર વાળી ટુકડી નાં વપરાશ માટે તમારૂ વાહન રાખશો કે નહી.

૪ કોઇ કોર્ટ તમને કોઇપણ વખતે કોઇ ગુના બદલ દોષિત ઠરાવ્યા છે ? જો તેમ હોય તો, દોષિત ઠરાવ્યાની અને શિક્ષાની પુરેપુરી વિગતો આપો.

હું જાહેર કરું છું કે ઉપરની વિગતો સાચી છે.

તારીખઃ

(સહી )....................................................

ઓછામાં ઓછી ત્રણ વર્ષથી તમને જાતે ઓળખતા હોય તેવા ઊંચા હોદ્દા ધરાવતા બે સદગૃહસ્થોનાં સહી કરેલા ચારિત્રય અંગેનાં પ્રમાણપત્રો નીચેની જગામાં લખવાં.

૧. ..........................................................................................................................

પ્રમાણપત્ર આપનાર વ્યકિતની સહી,

સરનામુ. ..........................................................................................................................

ટેલીફોનનંબર(કોઇ હોય તો તે) ...........................................................................................

૨. ..........................................................................................................................

---

પ્રમાણપત્ર આપનાર વ્યકિતની સહી,

સરનામુ. ..........................................................................................................................

ટેલીફોનનંબર(કોઇ હોય તો તે) ...........................................................................................

નોંધોઃઅ(૧) તમે સરકારી નોકર અથવા સ્થાનિક સત્તામંડળ અથવા પેઢી અથવા અન્ય કોઇ કચેરીનાં નોકર હો તો તમારે તમારા ઉપરી અધિકારી મારફૃત તમને તાલીમ લેવા દેવમાં તેમને

તાલીમ લેવા દેવામાં તેમને કંઇપણ વાંધો નથી અને તે તેમને કટોકટીના પ્રસંગે કોઇપણ અને કંઇ પણ મુદત માટે

//૧૦//

અને ગજરાત રાજયમાંના કોઇ ભાગમાં ફરજ માટે છુટા કરશે એવા તેના પ્રમાણપત્ર સહિતઆ નમૂનો મોકલાવવો.

(૨) આ નમૂનો પુરો ભર્યા પછી તેને,............................................................... ના હોમગાર્ડ નાં કમાન્ડન્ટને ટપાલમાં મોકલવો અથવા પહોંચતો કરવો. તમારી સેવાનો લાભ લઇ શકાશે કે કેમ તેની ખબર તમને યોગ્ય સમયમાં મળશે.

---

## નમૂનો ખ

(જુઓ નિયમ-૬)

## પ્રતિજ્ઞાનો નમૂનો

હું .......................................................................................................................રહેવાસી મોજે..................................................પ્રતિજ્ઞાપૂર્વક અને ગંભીરતાપૂર્વક જાહેર કરૂ છું. અને ખાતરી આપુ છું કે, હું ..........................................................................માં હોમગાર્ડનાં સભ્ય તરીકે કોઇપણ જાતની તરફેણ અથવા લાગણી, દ્રેષ અથવા દુષ્ટભાવનાથી અથવા કોમી કે રાજકીય પક્ષપાત રાખ્યા સિવાય, ગુજરાત સરકારની સારી રીતે અને સચ્ચાઇ પૂર્વક સેવા બજાવીશ અને મારી ઉત્તમ શકિત વડે શાંતિનાં રક્ષણ, મિલકતની સુરક્ષિતતા અને જાહેર સલામતી માટે મને સોંપવામાં આવેલ કાર્યો અને ફરજોનું પાલન કરીશ અને મારી ઉત્તમ કુશળતાઅને જ્ઞાન વડે કાયદા અનુસાર વફાદારીથી આવા સભ્ય તરીકેની તમામ ફરજો બજાવીશ અને સરકારે અથવા મારા વરિષ્ઠ અધિકારીએ સોંપેલી મારીફરજોમાં કોમી અથવા રાજકીય પક્ષપાતની દખલગીરી થવા દઇશ નહી.

---

અહિં સંબધિત વિસ્તારનું નામ દાખલ કરવુ.

//૧૧///

નમુનો ગ

(જુઓ નિયમ-૭)

હોમગાર્ડનાં સભ્ય તરીકે નિમણુંકનું પ્રમાણપત્ર.

નંબરઃ

ગુજરાત રાજય

શ્રી..........................................................................................ને મુંબઇ હોમગાર્ડ અધિનિયમ, ૧૯૪૭(સન ૧૯૪૭નાં મુંબઇના ૩જા) હેઠળ............................................. (વિસ્તાર) માટે હોમગાર્ડનાં સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી છે.

તારીખઃ ૧૯

સહી .........................................................

હોદ્દો.........................................................

મુંબઇનાં રાજયપાલનાં હુકમથી અને તેમના નામે,

સહી/-

ડી.એસ.જોષી

સરકારનાં સચિવ.